# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ ન્યૂઝલેટર

## જૂન - ૨૦૨૨


Email : sjvgmumbai1@gmail.com
Email : sjvg222089@gmail.com
Web Site : http://www.sjvggruh.org




ટ્રસ્ટ રજી નં.૮૪૨ ( F )
સ્થાપના : સવંત ૨૦૦૨


એડમિશન પ્રક્રિયા ચાલુ છે.

જૈન ધર્મના તમામ ફિરકાના બાળકોને
ધોરણ ૫ થી ૧૨ અને કોલેજમા ભણવા તેમજ રહેવા માટેની સંસ્કરણ
સાથેની નિ : શુલ્ક સુવિધા.



# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ







શ્રી શાંતિનાથ દાદા
શિખરબંધી જિનાલય

# જૂન મહિનાનો અહેવાલ પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી

પ્રતિ શ્રી, પ્રમુખ શ્રી, ટ્રસ્ટી મંડળ, દાતાશ્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છક મિત્રો,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ.

જય જીનેન્દ્ર!

સવિનય સાથે જણાવવાનું કે અમે માનવ પારેખ (ગારિયાધાર) અને પ્રથમ જૈન (ભીલાડ) ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ આપણી સંસ્થાના મુંબઈ ઓફિસ સ્થિત દિક્ષીતાબેન અને સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી(હાલ અમેરિકા) રોનકભાઈ ડગલીના માર્ગદર્શન હેઠળ જૂન માસનો 'ઓનલાઈન' અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

# વિદ્યાર્થીઓના નવા સત્રની શરૂવાત

ગુજરાત રાજ્ય સરકારશ્રીની જાહેરાત મુજબ તારીખ ૧૨ જૂન સુધી ઉનાળાના વેકેશનની જાહેરાત કરવામાં આવી હતી.

તારીખ ૧૩મી જૂનથી દરેક વિદ્યાર્થીઓની શાળાની રાબેતા મુજબ શરૂવાત થઈ ગઈ હતી આથી દરેક વિદ્યાર્થીઓ ૧૨ જૂન સુધીમાં વિદ્યાર્થીગૃહમાં હાજર થઈ ગયા હતા.

દરેક વિદ્યાર્થીઓનું અભ્યાસ કાર્ય ખૂબ જ સરસ રીતે ચાલી રહ્યુ છે.



# વિદ્યાર્થીઓનું અભ્યાસ કાર્ય

તારીખ ૨૨ અને ૨૩ મે દરમિયાન યોજવામાં આવેલ સમરકેમ્પ દ્વારા આપણે ત્યાં કૂલ ૨૫ નવા વિદ્યાર્થીઓના એડમિશન થયા છે.

નવા આવેલા દરેક વિદ્યાર્થીઓ વિદ્યાર્થીગૃહમાં સેટ થાય એ હેતુથી ૭ દિવસ વહેલા એટલે કે તારીખ ૦૫ જૂનથી બોલાવી લેવામાં આવ્યા હતા અને દરેક વિદ્યાર્થી માટે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ વર્ષે કૂલ ૩૩ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીગૃહમાં ભણી રહ્યા છે.



# વિદ્યાર્થી સમિતિની રચના ૨૦૨૨-૨૦૨૩

વિદ્યાર્થીઓમાં નેતૃત્વ શક્તિ ખીલવવા તેમજ વિદ્યાર્થીગૃહના સરસ સંચાલન થાય એ માટે દર વર્ષની માફક વર્ષ ૨૦૨૨ – ૨૦૨૩ માટે પણ વિદ્યાર્થી સમિતિની રચના કરવામાં આવી છે.

જેની વિગત આ મુજબ છે.

પા



જીત મહેતા
હેડ બોર્ડર



પારસ પટવા
વાઇસ હેડ બોર્ડર



મીત શાહ
દેરાસર કેપ્ટન



મિહિર મહેતા



નિષ્ક શાહ

ધાર્મિક કેપ્ટન



વત્સલ બેલાણી
રીડિંગ કેપ્ટન



પારસ પટવા



કેવિન પારેખ

ભોજનલાય કેપ્ટન

# વિદ્યાર્થી સમિતિની રચના ૨૦૨૨-૨૦૨૩



કેવિન પારેખ જોયલ શાહ
રમત ગમત કેપ્ટન



જીત મહેતા વત્સલ બેલાણી
કોમ્પ્યુટર કેપ્ટન



જતીન શાહ દીપ શાહ
બાગાયત કેપ્ટન



યશ ધંધૂકીયા
વિદ્યુત કેપ્ટન



ભવ્ય મહેતા
લાઇબ્રેરિ કેપ્ટન

જીત મહેતા



મીત શાહ મિહિર મહેતા
સફાઈ કેપ્ટન



કુણાલ આશરા
પાણી કેપ્ટન



પારસ પટવા
શયન કેપ્ટન



જીત મહેતા સાહિલ શાહ
સાંસ્કુતિક કેપ્ટન



આદિત્ય ભાવસાર દીપ શાહ
પ્રાર્થના કેપ્ટન

# વિદ્યાર્થીગૃહના દેરાસરની ૩૩ મી સાલગીરીની ઉજવણી



વિદ્યાર્થીગૃહમાં બિરાજમાન શાંતિનાથ દાદાના દેરાસરની ૩૩ મી ધજાના પ્રસંગે તારીખ ૦૬ જૂનના રોજ પાલીતાણાના પંડિતજી શ્રી જયદીપભાઇ અને આપણી સંસ્થાના ધાર્મિક શિક્ષક શ્રી હરેશભાઈ દોશી દ્વારા સવારના સાત કલાકે ૧૮ અભિષેકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં સંસ્થાના બાળકો અને ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓએ ૧૮ અભિષેકનો લાભ લીધો હતો.



તારીખ ૦૭ જૂનના રોજ ધર્મ શાંતિજિન મહિલા મંડળના બહેનો અને શ્રી હરેશભાઈ દોશી તેમજ શ્રી ભાવેશભાઈ દોશી દ્વારા ૧૭ ભેદી પૂજા ભણાવવામાં આવી હતી અને ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે સમગ્ર ટ્રસ્ટી મંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્થાનિક સંઘની હાજરીમાં ધજારોહણનો કાર્યક્રમ ઊજવવામાં આવ્યો હતો.

# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

- વિદ્યાર્થીઓના દરેક વિષયો પ્રત્યેની અભિરુચિ અને યોગ્યતા ચકાસવા માટે ટ્યૂશન શિક્ષક ભાવનાબેન અને કોમ્પ્યુટર શિક્ષક જિગ્નેશભાઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં દરેક ધોરણના વિદ્યાર્થીઓ માટે પેપર કાઢવામાં આવ્યુ હતુ અને ત્યારબાદ તેમની પરીક્ષા લેવામાં આવી હતી અને માર્કસ આપવામાં આવ્યા હતા.
- આ પરિણામ તેમના વાલીઓને પણ મોકલવામાં આવ્યુ હતુ અને તેમના પરિણામ વિષે ચર્ચા કરવામાં આવી હતી.



# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

**વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.**




તારીખ ૦૮જૂન બુધવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ગણિત અને વિજ્ઞાન વિષય માટે એક સેમિનાર યોજવામાં આવ્યો હતો .

જેમાં જૈન સમાજના ૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.ડો. નિલેશભાઈ  પાઠક (ગુજકોસ્ટ અમરેલી અને અમરેલી બાલભવન ના ડિરેક્ટર) અને સાવરકુંડલાના શ્રી મોહિતભાઈ પરમાર (મેથ્સના ભયથી પહેલે પાર અને ટીચર ટ્રેનર) દ્વારા અનેકવિધ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા બાળકોના વ્યક્તિત્વ વિકાસ થાય તેવા પ્રયોગો દર્શાવ્યા હતા.

મોહિત ભાઈ પરમારે દરેક બાળકોને મેથ્સની અવનવી ટેકનિક દ્વારા મેથ્સનો ભય દૂર થાય તેવા પ્રયોગો દર્શાવી વિદ્યાર્થીઓમાં ગણિત અને વિજ્ઞાન વિષય પ્રત્યે રુચિ જગાડી હતી.સેમિનાર પૂર્ણ થયા બાદ દરેક ઉપસ્થિત મહેમાનોનુ શાલ વડે સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે જૈન વિદ્યાર્થીગૃહના ઉપપ્રમુખ નિલેશભાઈ ગાંધી, પ્રિયેશભાઈ સલોત, ગૃહપતિ જીતુભાઈ બારોટ અને  કપોળ બોર્ડિંગના ગૃહમાતા ચંદ્રિકાબેન અને રિદ્ધિબેન પણ ઉપસ્થિત રહ્યા હતા.



તારીખ : 09/06/2022

કે.ડી. NEWS

અમારી એપ્લીકેશન ડાઉનલોડ કરવા અહિં કલીક કરો click here

કે.ડી.ન્યુઝમાં આપની મેટર પ્રસિદ્ધ કરાવવા માટે મો.૯૪૯૯૭૯૭૯૭૩ માં મોકલી આપો

**આજરોજ શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ ખાતે અમરેલી બાલ ભવન અને સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહના સંયુક્ત પ્રયાસે ગણિત અને વિજ્ઞાનના અવનવા પ્રયોગો તેમજ વ્યક્તિત્વ વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન માટેનો સેમિનાર યોજાયો**

તારીખ ૦૮.૦૬.૨૦૨૨ બુધવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજવામાં આવ્યો હતો . જેમાં જૈન સમાજના 50 જેટલા બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ડો. નિલેશ પાઠક (ગુજકોસ્ટ અમરેલી અને અમરેલી બાલભવન ના ડિરેક્ટર) અને સાવરકુંડલા નામોહિત પરમાર (મેથ્સના ભયથી પહેલે પાર અને ટીચર ટ્રેનર) દ્વારા અનેકવિધ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા બાળકોના વ્યક્તિત્વ વિકાસ થાય તેવા પ્રયોગો દર્શાવ્યા હતા.આ તકે જૈન વિદ્યાર્થી ગૃહ ના ઉપપ્રમુખ નિલેશભાઈ ગાંધી, પ્રિયેશભાઈ સલોત, ગૃહપતિ જીતુભાઈ બારોટ અને કપોળ બોર્ડિંગના ગૃહમાતા ચંદ્રિકાબેન અને રિદ્ધિ બેન પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા. 11 વાગ્યે લંચ બ્રેકમાં દરેક ઉપસ્થિત બાળકો તથા મહેમાનોને આઈસ્ક્રીમ દ્વારા આ ગરમીમાં રાહત અપાવી હતી. ત્યારબાદ મોહિત ભાઈ પરમાર દ્વારા દરેક બાળકોને મેથ્સની અવનવી ટેકનિક દ્વારા મેથ્સ નો ભય દૂર થાય તેવા પ્રયોગો દર્શાવવામાં આવ્યા હતા. લગભગ બાર વાગ્યે આ સેમિનારના અંતે ઉપસ્થિત મહેમાનોનું શાલ વડે સન્માન કરવામાં આવ્યું હતું. અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

કે.ડી.ન્યુઝના ગૃપમાં જોડાવા માટે કલીક કરી, જોઈન ગૃપ કરો click here

# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.



વિદ્યાર્થીઓમાં મિત્રતા થાય એ માટે ચેસ,કબ્બડી,બેટ મિંટન,ટેબલ ટેનિસ જેવી વિવિધ રમતોનું આયોજન કરી,ટીમ બનાવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી.





# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

એક દિવસ સાંજના ચોવિયાર બાદ દરેક વિદ્યાર્થીઓને જનતાબાગની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા ત્યાં દરેક વિદ્યાર્થીઓએ બગીચામાં ખૂબ જ મજા માણી હતી .







# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

**વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.**

ડો. નિલેશભાઈ  પાઠક (ગુજકોસ્ટ અમરેલી અને અમરેલી બાલભવન ના ડિરેક્ટર) અને સાવરકુંડલા ના શ્રી મોહિતભાઈ પરમાર દ્વારા સાવરકુંડલના વિદ્યાર્થીઓ તેમજ સાવરકુંડલા ગામના વિદ્યાર્થીઓ માટે ફેસ પેંટિંગ એક્ટિવિટીનું આયોજન કર્યું હતુ.

જેમાં દરેક બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.







# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તારીખ ૧૧જૂનના રોજ બપોરે ૩ વાગ્યે આપણી સંસ્થાના ૨૫ બાળકોને લઈને જીતુભાઈ દ્વારા બાળકોનું પ્રાઇમરી મેડિકલ ચેકઅપ શ્રી લલ્લુભાઈ આરોગ્ય મંદિર માં કરાવવામાં આવ્યુ હતું જેમાં બાળકોના ડોક્ટર શ્રી કિરણભાઈ મોઢ દ્વારા બાળકોનુ મેડિકલ ચેકઅપ કરી જરૂરી ટ્રીટમેન્ટ અને દવા આપવામાં આવી હતી ત્યારબાદ આંખના વિભાગના ડોક્ટર દ્વારા વિદ્યાર્થીઓની આંખની તપાસ પણ કરવામાં આવી હતી.





## નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

**વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.**

તારીખ ૧૨મી જૂનના રોજ આખો દિવસ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

૧)સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન વિદ્યાર્થીગૃહના શાંતિનાથ દાદાના દેરાસરમાં ધાર્મિક શિક્ષક શ્રી હરેશભાઈ દોશી દ્વારા સ્નાત્ર પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં શ્રી હરેશભાઈએ દરેક વિદ્યાર્થીઓને સ્નાત્ર પૂજાનું મહત્વ સમજાવ્યુ હતુ.

૨)ત્યારબાદ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી દરેક બાળકો માટે ડ્રોઇંગ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાને મનગમતુ ચિત્ર બનાવ્યુ હતુ.

3)સાંજના ચોવિયાર બાદ બધા વિદ્યાર્થીઓને લઇ દરેક વિદ્યાર્થીઓને થોડુ ચેન્જ રહે તે માટે કબીર ટેકરીમાં બાલ ભવનમાં ફરવા માટે લઇ ગયા હતા ત્યાં બધા બાળકોએ ખૂબ મજા કરી હતી.

૪)કબીર ટેકરીથી આવ્યા બાદ રાતના ૮ કલાકે સંસ્થામાં નવા વિદ્યાર્થીઓ માટે વેલકમ ડે ઉજવવામાં આવ્યો હતો..જેમા સંસ્થાના સ્થાનિક ટ્રસ્ટીશ્રીઓ,જયસુખભાઇ કાનાણી તેમજ સંસ્થા સાથે જોડાયેલા ટ્યુશન શિક્ષકભાઇ-બહેનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને દરેક વચ્ચે પરિચય અને વાર્તાલાપ યોજાયો હતો.

# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન – સ્નાત્ર પૂજા અને ડ્રોઈંગ હરિફાઈની એક ઝલક

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.






# નવા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન – કબીર ટેકરી અને સ્થાનિક સમિતિની મુલાકાતની એક ઝલક

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.




.







# વિદ્યાર્થીઓની ગણિતની પરીક્ષા માટે પસંદગી

વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ ના નવા આવેલા વિદ્યાર્થીઓ સેટ થાય એ હેતુથી તેમને ૦૫ મી જૂનથી જ બોલાવી લેવામા આવ્યા હતા.આ દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગણિતના અભ્યાસમાં તર્ક અને વિતર્ક હોવાને કારણે, ટેકનોલોજીના વિસ્તરતા વિશ્વમાં તેના ઉપયોગ દ્વારા વ્યાપક વિચારસરણી વિકસાવવી જરૂરી છે.

આ માટે સર્જનાત્મક વિચારસરણી અને વ્યાપક દ્રષ્ટિકોણની જરૂર છે જે ઘણીવાર 'બૉક્સની બહાર' વિચાર તરીકે ઓળખાય છે.

આ માટે IIT મદ્રાસ દ્વારા એક નવો પ્રયાસ કરવામાં આવ્યો છે.જેમાં ધોરણ ૫ થી ઉપરના વિદ્યાર્થીઓ માટે  ગણિત વિષય માટે એક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન વિડિયો લેક્ચર દ્વારા ભણાવવામાં આવશે અને ત્યારબાદ એની ઓક્ટોબર મહિનામાં સેંટર પર જઈને પરીક્ષા આપવાની રહેશે.




આ પરીક્ષા માટે આપણા વિદ્યાર્થીગૃહમાથી કૂલ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

# ભાવસાર સમાજ સમ્મેલનમાં વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીને આમંત્રણ

ભાવસાર જૈન સમાજના ૧૪ ગામોનું ખેડા જીલ્લામાં તારીખ ૦૫ જૂનના રોજ સમ્મેલન થયુ હતુ. જેમાં વિદ્યાર્થીગૃહના પ્રચાર માટે આપણી સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી

૧)તીર્થભાઇ સાળકિયા

૨)વૈભવભાઈ ખાટસૂરિયા

૩)જગદીશભાઇ ભાવસાર હાજર રહ્યા હતા.

ભાવસાર સમાજના આગેવાન શ્રી દિક્ષિતભાઈ ભાવસારને તેઓ મળ્યા હતા અને ત્યાં તેમણે આપણી સંસ્થા વિષે પરિચય આપ્યો હતો અને સંસ્થાના બેનર અને બ્રોશેર્સ આપ્યા હતા.

સંસ્થા વિષેનો પરિચય સાંભળી ભાવસાર સમાજ દ્વારા એક વિદ્યાર્થીનું એડ્મિશન નક્કી થયુ હતુ.



# જીત સંસ્થાના સેક્રેટરી દ્વારા વિદ્યાર્થીગૃહને ભેટ

જીત સંસ્થાના સેક્રેટરી શ્રી પંકજભાઈ સી.દોશીની સમરકેમ્પમાં મુલાકાત દરમિયાન ભોજનાલય વિભાગમાં રસોડામાં જરુરી વસ્તુ વિષે બહેનોને પુછતા બહેનોએ ચાર બર્નરવાળા બે ચુલાની અને હેન્ડ બ્લેન્ડરની જરૂરિયાત જણાવી હતી. આથી પંકજભાઈ દોશીએ મુંબઈથી ગેસ સ્ટવ ચાર બર્નરવાળા ચુલા બે નંગ અને બે હેન્ડ બ્લેન્ડર મોકલી આપેલ છે.

આ માટે સંસ્થા શ્રી પંકજભાઈનો ખૂબ ખૂબ આભાર માને છે.



# ભુતપૂર્વ વિદ્યાર્થી મિતેશભાઈ જોધાણીનું બહુમાન

તારીખ ૧૦ જૂનના રોજ આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મિતેશભાઈ જોધાણી જેમણે હાલમાં ફાઇનલ સી.એ. ની પરીક્ષા આપી છે તેઓ નવા વિદ્યાર્થીઓના એડમિશન બાબતે સંસ્થામાં સાત દિવસ રોકાઇને નવા વિદ્યાર્થીઓના દરેક કામમાં  સહભાગી થયા બદલ સંસ્થાવતી જીતુભાઈ દ્વારા તેમનુ બહુમાન કરવામાં આવ્યુ હતુ.



# આપના શુભ પ્રસંગે માતૃસંસ્થાને યાદ કરી અનુદાન આપી પુણ્ય કાર્ય કરવાનો અવસર

આપણી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આપ આપના જન્મદિન નિમિત્તે, લગ્ન પ્રસંગે કે અન્ય શુભ પ્રસંગે મિઠાઈ વિતરણ, અલ્પાહાર કે ભોજન કરાવી તેમજ યથાશક્તિ અનુદાન આપી લાભ લઈ શકો છો.

આપણા અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ લાભ લે છે.

આ લાભ લેવા માટે આપ આપણી સંસ્થાના ગૃહપતિ શ્રી જીતુભાઈ બારોટને નીચેના નંબર ઉપર સમ્પર્ક કરી શકો છો અથવા નીચે આપેલ બૅંકમાં પણ જમા કરવી શકો છો.

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

ગૃહપતિ જીતુભાઈ બારોટ – ૯૪૨૬૪૫૨૦૮૯.

| બૅંક નામ | સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા |
|---|---|
| ખાતા ક્રમાંક | ૦૦૦૦૦૦૫૬૧૩૮૦૨૦૦૪૯ |
| આઇ.એફ.એસ. કોડ | SBIN૦૦૬૦૧૩૮ |
| બ્રાન્ચ | સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ |

# સ્થાનિક સમિતિના સભ્યની  મુલાકાત

આપણે ત્યાં રહેલા સ્થાનિક સમિતિના સભ્ય કનુભાઈ સંઘવી, પ્રદીપભાઈ દોશી, ચેતનભાઈ દોશી અને કિશોરભાઇ મહેતા અવારનવાર વિદ્યાર્થીગૃહની મુલાકાત લેતા રહે છે.

વિદ્યાર્થીઓનુ ભણતર અને સ્વાસ્થ્ય બાબતે જીતુભાઈ સાથે વાતચીત કરતાં રહે છે. આ માટે  વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્વાસ્થ્યને લગતા જરૂરી સૂચનો પણ આપતા રહે છે

આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ આપનો આભાર માને છે.

# વાચકોના શુભેચ્છા સંદેશ

ગયા મે મહિનાના આપણા માસિક અહેવાલથી સંતુષ્ટ થઈને આપણા નીચે મુજબના શુભેચ્છક મિત્રોએ આપણને શુભકામના પાઠવી હતી.

- Very Fine,Good Activities,Best Result, Nice coordination , Exampluri Institute , Congratulations to Management Staff and all – નરપતભાઇ સંઘવી (Principle of Vallabh Vidya Nagar)
- ખૂબ ખૂબ શુભેચ્છાઓટ્રસ્ટી ગણ પણ  સારા સંસ્કાર સાથે વર્તમાન શિક્ષણ પ્રણાલી મુજબ નું શિક્ષણ આપવા માટે મહેનત કરે છે તે માટે તેઓ ને પણ અભિનંદન . ટ્રસ્ટી ગણ સાથે ગૃહપતિ શ્રી જીતુભાઈ  ને પણ ખૂબ ખૂબ અભિનંદન  - મનોજભાઈ શાહ

| | | |
|---|---|---|
| ખૂબ ખૂબ અભિનદન – અમીષભાઈ દોશી | Good – અજીતભાઈ શાહ | Wonderful  - દર્શનભાઈ ગાંધી |
| Super – પિયુષભાઈ સુખડિયા | ખૂબ સરસ – દિનેશભાઈ દોશી | Good Job – રાજેશભાઈ શાહ |
| અનુમોદના – જયેશભાઈ માટલીયા | મોહિતભાઈ પરમાર | ધાર્મિકભાઈ સાળકિયા |
| અર્પિતભાઈ શેઠ | જૈનમભાઈ માલવણિયા | વિપુલભાઈ સરખેડી |
| જયેશભાઈ સંઘવી | દીપભાઈ  શાહ | દિક્ષિતભાઈ |
| સુરેશભાઈ | | |

# વિદ્યાર્થીગૃહમાં જૂન મહિનામાં મળેલી અનુદાનની વિગત

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના તારીખ ૧૯મી માર્ચ ૨૦૧૬ના રોજ થયેલ સમ્મેલનમાં વરસના રૂ.૫૦,૦૦૦ લેખે પાંચ વર્ષના રૂ ૨,૫૦,૦૦૦ ની પંચ વર્ષીય યોજના જાહેર કરવામાં આવી હતી. જેમાં કુલ ૮૩ ઉદાર દિલ દાતાઓએ પોતાનુ નામ નોંધાવ્યુ હતુ.જૂન મહિનામાં પંચવર્ષીય યોજના અને નિભાવ ફંડ ખાતે કૂલ રૂ.૫,૦૦,૦૦૦ /- અનુદાન રૂપે મળેલ છે.

જેની વિગત અહીયા મુજબ છે

| દાતાનું નામ | મળેલી રકમની યાદી |
|---|---|
| પંકજભાઈ સંઘવી | ૧,૦૦,૦૦૦ |
| કીર્તિકુમાર વોરા | ૧,૦૦૦ |
| ભીખલાલભાઈ દોશી | ૨,૦૦૦ |
| અનિલભાઈ દોશી | ૨,૦૦૦ |
| નિલેષભાઈ ગાંધી | ૩,૦૦૦ |
| શાંતિભાઈ વડાલિયા | ૨,૦૦૦ |
| નગીનદાસ મહેતા | ૨,૦૦૦ |
| શૈલેષભાઈ શેઠ | ૩,૦૦૦ |
| સ્વ.ઇલાબેન દોશી | ૨૫૦ |

| દાતાનું નામ | મળેલી રકમની યાદી |
|---|---|
| વડાલીયા પરિવાર | ૨,૦૦૦ |
| યશ અને કેવીન | ૫૦૦ |
| દીપકભાઈ શેઠ | ૧,૦૦૦ |
| ડીમ્પલભાઈ દોશી | ૨,૦૦૦ |
| શાંતિભાઈ વડાલિયા | ૨,૦૦૦ |
| કલ્પીતભાઈ દોશી | ૧,૦૦૦ |
| અલ્પેશભાઇ ગાંધી | ૫૦૦ |

# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના સ્થાનિક સમિતિ સભ્યની યાદી

| નામ | મોબાઇલ નંબર |
|---|---|
| કનુભાઈ સંઘવી | ૯૫૧૦૫ ૧૫૮૩૪ |
| પ્રદીપભાઇ દોશી | ૯૪૨૬૪ ૫૫૬૫૫ |
| ચેતનભાઈ દોશી | ૯૮૨૫૬ ૯૨૨૫૫ |
| કિશોરભાઈ મહેતા | ૯૪૨૮૬ ૧૯૧૮૫ |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના ટ્રસ્ટીની યાદી

| નામ | હોદ્દો |
| --- | --- |
| ભીખાલાલભાઈ એમ. દોશી | ટ્રસ્ટી |
| નવીનભાઈ સી.શેઠ | ટ્રસ્ટી |
| મિલનભાઈ ડી.શાહ | ટ્રસ્ટી |
| નરેશભાઇ એન.શાહ | ટ્રસ્ટી (સુરત) |
| નિતિનભાઈ ટી. સંઘવી | ટ્રસ્ટી |
| રજનીભાઈ સી. મહેતા | ટ્રસ્ટી (અમદાવાદ) |

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના પ્રમુખની યાદી

| નામ | હોદ્દો |
| --- | --- |
| નગીનદાસભાઈ ઝેડ.મહેતા | પ્રેસિડેન્ટ |
| નિલેષભાઈ બી.ગાંધી | વાઇસ પ્રેસિડેન્ટ |
| શૈલેષભાઈ કે. શેઠ | સેક્રેટરી |
| ભીખાલાલભાઈ એમ. દોશી | સેક્રેટરી |
| અશોકભાઇ કે.વેજાણી | સેક્રેટરી |
| અશોકભાઇ એન. પારેખ | ખજાનચી |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| ચંદ્રકાંતભાઈ ટી.દોશી | કમીટી મેમ્બર |
| શાંતિભાઈ એચ. વડાલીયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી. દોશી | કમીટી મેમ્બર |
| પંકજભાઈ એચ. દોશી | કમીટી મેમ્બર |
| અજિતભાઈ કે.સંઘવી | કમીટી મેમ્બર |
| મિલનભાઈ એમ. શેઠ | કમીટી મેમ્બર |
| ભરતભાઇ આર મહેતા | કમીટી મેમ્બર |
| રાજેન્દ્રભાઈ પી. સંઘવી | કમીટી મેમ્બર |

| નામ | હોદ્દો |
|---|---|
| કુમારભાઈ એ.દોશી | કમીટી મેમ્બર |
| અલ્પેશભાઇ બી. ગાંધી | કમીટી મેમ્બર |
| અભયભાઇ ડી. સાવડિયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી.સંઘવી | કમીટી મેમ્બર |
| હરેશભાઈ બી.દોશી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| ભાંવિનભાઇ ટી.સંઘવી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| કલ્પિતભાઇ એચ દોશી | અમદાવાદ કમીટી મેમ્બર |
| અંકુરભાઈ એન મહેતા | કમીટી મેમ્બર |

# પત્રવ્યવહારનું સરનામુ

સાવરકુંડલા  કાર્યાલય

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ સાવરકુંડલા

જિલ્લો  -  અમરેલી

ગુજરાત – ૩૬૪૫૧૫

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

મુંબઈ કાર્યાલય

c/o. કલ્પેશ ગારમેન્ટ

(નગીનદાસ ઝ. મહેતા)

૪૧,ચકલા સ્ટ્રીટ,

મસ્જિદ બંદર સ્ટેશન પાસે,

મુંબઈ – ૪00003

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષીતા બેન : ૯૩૭૨૯  ૪૦૮૭૮